**GUJARAT BILL NO. 3 OF 2022.**

# THE GUJARAT UNPROTECTED MANUAL WORKERS (REGULATION OF EMPLOYMENT AND WELFARE) (REPEAL) BILL, 2022.

## *A BILL*

*to repeal the Gujarat Unprotected Manual Workers (Regulation of Employment and Welfare) Act, 1979.*

**સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩.**

# ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) (રદ કરવા બાબત) વિધેયક, ૨૦૨૨.

## ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯ રદ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના તોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**ટૂંકી સંજ્ઞા.**

**૧.** આ અધિનિયમ ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) (રદ કરવા બાબત) અધિનિયમ, ૨૦૨૨ કહેવાશે.

**સન ૧૯૭૯નો ગુજરાતનો ૨૫મો.**

**રદ કરવા બાબત અને અપવાદ.**

**૨.** (૧) ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯, આથી, રદ કરવામાં આવે છે.

**સન ૧૯૭૯નો ગુજરાતનો ૨૫-મો. સન ૧૯૦૪નો મુંબઈનો ૧લો.**

(૨) આવી રીતે રદ થવા છતાં, ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯ રદ કરવાના સંબંધમાં ગુજરાત સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ની કલમ ૭ની જોગવાઈઓ એવી રીતે લાગુ પડશે જાણે કે તે અધિનિયમ, સદરહુ કલમ ૭ના અર્થ મુજબનો અધિનિયમન હોય.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯, સદરહુ અધિનિયમની અનુસૂચિ ૨ હેઠળ પૂરા પાડવામાં આવેલા ૧૩ પ્રકારોના રોજગારમાં કામે રાખેલા અરક્ષિત મજૂરી-કામદારોના રોજગાર અને કલ્યાણનું નિયમન કરવા માટે અધિનિયમિત કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે વર્ષ ૧૯૮૧માં 'અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડ' એ નામના બોર્ડની રચના કરી છે અને અમદાવાદ શહેરના મર્યાદિત વિસ્તારો માટે અનુસૂચિના અનુક્રમાંક ૨-માં આપવામાં આવેલી કાપડ સંબંધિત પ્રવૃત્તિ માટે કાપડ બજાર અથવા દુકાનના અરક્ષિત કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) યોજના, ૧૯૮૧ પણ ઘડી છે. ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯, અમદાવાદ શહેરના કાપડ બજારોના માત્ર સદરહુ વિસ્તારમાં કામ કરતા અસંગઠિત કામદારોને જ લાગુ પડે છે.

વર્ષ ૨૦૦૮માં ભારતની સંસદ દ્વારા અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮ અધિનિયમિત કરવામાં આવ્યો હતો. આ અધિનિયમનો ઉદ્દેશ અસંગઠિત ક્ષેત્રને રજિસ્ટ્રેશન (નોંધણી), સામાજિક સુરક્ષા અને કલ્યાણ પૂરા પાડવાનો છે. કેન્દ્ર સરકારને તેમજ રાજ્ય સરકારને અસંગઠિત ક્ષેત્રના કામદાર માટે આજીવન અશક્તતા, વૃદ્ધત્વ, ગૃહનિર્માણ, શિક્ષણ અને રોજગાર વગેરે સાથે સંકળાયેલી વિવિધ યોજનાઓ ઘડવાની સત્તા આપવામાં આવી છે. આ અધિનિયમ અસંગઠિત ક્ષેત્રના તમામ કામદારોને લાગુ પડે છે. સદરહુ અધિનિયમના અમલીકરણ માટે, ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૧માં "ગુજરાત રાજ્ય સામાજિક સુરક્ષા બોર્ડ"ની રચના કરી છે.

અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮, અસંગઠિત ક્ષેત્રના કામદારોને લાગુ પડે છે, જે ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯નો હેતુ પરિપૂર્ણ કરે છે અને આથી, રોજગાર અને કલ્યાણવિશેષ બહુવિધ બોર્ડની રચનાની જરૂર નથી.

સન ૧૯૭૯નો સદરહુ અધિનિયમ જરીપુરાણો (અપ્રચલિત) બન્યો હોવાથી, તેને કાયદાપોથીમાં રાખવો જરૂરી નથી. આથી, સન ૧૯૭૯નો ઉપર્યુક્ત અધિનિયમ રદ કરવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા ધાર્યું છે.

તારીખઃ ૯મી માર્ચ, ૨૦૨૨. **બ્રિજેશકુમાર મેરજા.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩.]**

**ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯ રદ કરવા બાબત વિધેયક.**

**[ શ્રી બ્રિજેશકુમાર મેરજા,**
**રાજ્ય કક્ષાના શ્રમ મંત્રીશ્રી.]**

**(સન ૨૦૨૨ના માર્ચ મહિનાની ૧૦મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

**ડી. એમ. પટેલ,**
**સચિવ,**

**ગુજરાત વિધાનસભા.**

Extra No. 3

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LXIII ] THURSDAY, MARCH 10, 2022 / PHALGUNA 19, 1943

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART V

### Bills introduced in the Gujarat Legislative Assembly

(To be translated into Gujarati and the translation to be published in the *Gujarat Government Gazette.* The date of publication to be reported.)

The following Bill is published with the consent of the Speaker given under the proviso to rule 127A of the Gujarat Legislative Assembly Rules:

**THE GUJARAT UNPROTECTED MANUAL WORKERS (REGULATION OF EMPLOYMENT AND WELFARE) (REPEAL) BILL, 2022.**

**GUJARAT BILL NO. 3 OF 2022.**

***A BILL***

*to repeal the Gujarat Unprotected Manual Workers (Regulation of Employment and Welfare) Act, 1979.*

It is hereby enacted in the Seventy-third Year of the Republic of India as follows:-

**Short title.**

**1.** This Act may be called the Gujarat Unprotected Manual Workers (Regulation of Employment and Welfare) (Repeal) Act, 2022.

**Repeal and saving.**

**Guj. 25 of 1979.**

**2.** (1) The Gujarat Unprotected Manual Workers (Regulation of Employment and Welfare) Act, 1979 is hereby repealed.

**Bom. 1 of 1904.**

**Guj. 25 of 1979.**

(2) Notwithstanding such repeal, the provisions of section 7 of the Gujarat General Clauses Act, 1904 shall apply in relation to the repeal of the Gujarat Unprotected Manual Workers (Regulation of Employment and Welfare) Act, 1979 as if the Act had been an enactment within the meaning of the said section 7.

## STATEMENT OF OBJECTS AND REASONS

The Gujarat Unprotected Manual Workers (Employment and Welfare Regulation) Act, 1979 was enacted to regulate the employment and welfare of unprotected manual workers employed in 13 types of employments provided under Schedule II of the said Act. The State Government has constituted the Board namely 'the Ahmedabad Cloth Markets and Shops Labour Board' in the year 1981 and has also framed the Cloth Market or Shops Unprotected Workers (Employment and Welfare Regulation) Scheme, 1981 for the clothing activity given at Sr. No. 2 of the Schedule for the limited areas of Ahmedabad City. The Gujarat Unprotected Manual Workers (Employment and Welfare Regulation) Act, 1979 is applicable to the unorganized workers working in only said area of Cloth markets of the Ahmedabad City.

The Unorganized Workers Social Security Act, 2008 was enacted by the Parliament of India in the year 2008. This Act aims to provide registration, social security and welfare to the unorganized sector. The Central Government as well as the State Government are empowered to frame various schemes connected to life disability, old age, housing, education, and employment, etc., for the worker of the unorganized sector. This Act is applicable to the all workers of the unorganized sector. For the implementation of the said Act, the Gujarat Government has constituted "Gujarat State Social Security Board" in the year 2011.

The Unorganized Worker Social Security Act, 2008 is applicable to the workers of unorganized sector which fulfills the purpose of the Gujarat Unprotected Manual Workers (Employment and Welfare Regulation) Act, 1979 and Hence, employment and welfare specific constitution of multiple board is not required.

As the said Act of 1979 has become obsolete, it is not required to be kept on the Statute Book. It is, therefore, considered necessary to repeal the aforesaid Act of 1979.

This Bill seeks to achieve the aforesaid object.

Dated the 9th March, 2022. **BRIJESHKUMAR MERJA.**

By order and in the name of the Governor of Gujarat,

**K. M. LALA,**
Secretary to the Government of Gujarat,
Legislative and Parliamentary Affairs Department.

Gandhinagar.
Dated the 10th March, 2022.

------------

Signature Not Verified
Signed by:Shri P. B. Kanwar
Date: 2022.03.25 16:51:32 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar